# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-08-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બિહાર અને પશ્ચિમ બંગાળમાં અનેક વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે.

2) દેશના પ્રથમ માનવયુક્ત અવકાશ મિશન-ગગનયાનનું પ્રથમ પરીક્ષણ ઉડાન ડિસેમ્બરમાં થશે.

3) ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટેના ઉમેદવારી પત્રોની આજે ચકાસણી થશે.

4) અરુણાચલ પ્રદેશ, પૂર્વ રાજસ્થાન, ગુજરાત, અને મધ્યપ્રદેશના કેટલાક સ્થળોએ ભારે વરસાદની આગાહી.

5) ભારતે બલ્ગેરિયામાં ચાલી રહેલી અંડર-20 વિશ્વ કુશ્તી ચેમ્પિયનશિપમાં બે રજત ચંદ્રક જીત્યા.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM - BIHAR/WB VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બિહાર અને પશ્ચિમ બંગાળની મુલાકાત લેશે. શ્રી મોદી બિહારના ગયામાં લગભગ 13 હજાર કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. તેઓ બે ટ્રેનોને લીલી ઝંડી આપશે અને સભાને સંબોધિત કરશે. ત્યારબાદ તેઓ ગંગા નદી પર બનેલા ઔંટ સિમરિયા પુલ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે. જેનાથી મોકામા અને બેગુસરાય વચ્ચે સીધો સંપર્ક સ્થાપિત કરશે. આ નવો પુલ ઉત્તર અને દક્ષિણ બિહાર વચ્ચે મુસાફરીનું અંતર 100 કિલોમીટરથી વધુ ઘટાડશે. અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ

## (BYTE: DHARMENDRA KUMAR)

પ્રધાનમંત્રી રાષ્ટ્રીય ધોરીમાર્ગ-31ના ચાર-માર્ગીય બખ્તિયારપુર-મોકામા સેક્શનનું ઉદ્ઘાટન કરશે તથા ગયા અને દિલ્હી વચ્ચે અમૃત-ભારત એક્સપ્રેસ અને વૈશાલી અને કોડરમા વચ્ચે બૌદ્ધ સર્કિટ ટ્રેનને લીલી ઝંડી આપશે. પ્રધાનમંત્રી પ્રતીકાત્મક રીતે કેટલાક લાભાર્થીઓને ઘરોની ચાવીઓ સોંપશે.

પશ્ચિમ બંગાળમાં પ્રધાનમંત્રી આજે સાંજે કોલકાતામાં નવા બનેલા વિભાગો પર મેટ્રો ટ્રેન સેવાનું ઉદ્ઘાટન કરશે. તેઓ જેસોર રોડ મેટ્રો સ્ટેશનથી જય હિંદ વિમાન બંદર સ્ટેશન સુધી મેટ્રોમાં મુસાફરી કરશે. ત્યારબાદ તેઓ કોલકાતામાં પાંચ હજાર બસો કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. આ પ્રસંગે તેઓ લોકોને સંબોધન પણ કરશે.

# PM-KOLKATA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભાજપા હંમેશા વિકાસના માર્ગ પર છે તેથી પશ્ચિમ બંગાળના લોકો આ વખતે રાજ્યમાં ભાજપની સરકાર બનાવવા માંગે છે. શ્રી મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે દરેક પસાર થતા દિવસ સાથે, રાજ્યમાં તૃણમૂલ કોંગ્રેસ સામે જનતાનો ગુસ્સો વધી રહ્યો છે. પ્રધાનમંત્રી આજે કોલકાતામાં એક કાર્યકર્તા રેલીને પણ સંબોધિત કરશે.

# ISRO CHAIRMAN – GAGANYAN

ભારતના પ્રથમ માનવયુક્ત અવકાશ મિશન-ગગનયાનનું પ્રથમ પરીક્ષણ ઉડાન આ વર્ષે ડિસેમ્બરમાં થશે. ઇસરોના અધ્યક્ષ વી. નારાયણને ગઈકાલે નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ગગનયાનના 80 ટકા એટલે કે લગભગ સાત હજાર સાતસો પરીક્ષણો પૂર્ણ થઈ ગયા છે. બાકીના બે હજાર ત્રણસો પરીક્ષણો આવતા વર્ષે માર્ચ સુધીમાં પૂર્ણ થશે.

ઇસરોની અન્ય સિદ્ધિઓનો ઉલ્લેખ કરતા શ્રી નારાયણને કહ્યું કે આ વર્ષે અત્યાર સુધીમાં ગ્લેક્સ 2025 અને ઉચ્ચ દબાણ ઇલેક્ટ્રિક પ્રોપલ્શન સિસ્ટમ સહિત 196 સિદ્ધિઓ પ્રાપ્ત થઈ છે. તેમણે કહ્યું કે અમેરિકાના સાડા છ હજાર કિલોગ્રામના સંચાર ઉપગ્રહને ભારતીય પ્રક્ષેપણ સ્થળ પરથી લોન્ચ કરવામાં આવશે. તેમણે કહ્યું કે આ વર્ષે આદિત્ય L-1 ઉપગ્રહથી વૈજ્ઞાનિકોને 13 ટેરાબીટ ડેટા ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે.

# ECI-VP OBSERVER

ચૂંટણી પંચે ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે બે નિરીક્ષકોની નિમણૂક કરી છે. પંચાયતી રાજ મંત્રાલયમાં અધિક સચિવ સુશીલ કુમાર લોહાની અને નાણા મંત્રાલયમાં અધિક સચિવ ડૉ. આનંદન ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે નિરીક્ષક રહેશે. આ ચૂંટણી આવતા મહિનાની નવમી તારીખે યોજાવાની છે. ગયા મહિને સ્વાસ્થ્યના કારણોસર શ્રી જગદીપ ધનખરના રાજીનામા બાદ આ ચૂંટણી યોજાઇ રહી છે.

દેશમાં આ 17મી ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી હશે. લોકસભા અને રાજ્યસભાના સભ્યો દ્વારા ઉપરાષ્ટ્રપતિની પસંદગી માટે મતદાન કરવામાં આવે છે. NDAએ ઉપરાષ્ટ્રપતિ પદ માટે સીપી રાધાકૃષ્ણનને ઉમેદવાર બનાવ્યા છે, જ્યારે સર્વોચ્ચ અદાલતના ભૂતપૂર્વ ન્યાયાધીશ બી. સુદર્શન રેડ્ડી વિપક્ષી ઇન્ડી ગબંધનના ઉમેદવાર હશે. આજે ઉમેદવારી પત્રોની ચકાસણી થશે. જ્યારે 25મી ઓગસ્ટ સુધી ઉમેદવારી પત્રો પરત ખેંચી શકાશે.

# WB-SUSPENSION

પશ્ચિમ બંગાળ સરકારે મતદાર યાદીમાં ગેરરીતિઓ મળી આવ્યા બાદ પાંચ અધિકારીઓ સામે શિસ્તભંગની કાર્યવાહી કરી છે. પશ્ચિમ બંગાળ જાહેર સેવાના બે અધિકારીઓ સહિત ચાર અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ સંદર્ભમાં એક કોન્ટ્રાક્ટ ડેટા એન્ટ્રી ઓપરેટરને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યો છે.

ચૂંટણી પંચના આદેશ પર તેમની સામે કાર્યવાહી કરવામાં આવી છે. રાજ્યના મુખ્ય સચિવ મનોજ પંથે તાજેતરમાં દિલ્હીમાં કમિશનની પૂર્ણ બેંચને મળી ગુરુવાર સુધીમાં આ અધિકારીઓ સામે કાર્યવાહી કરવાનું વચન આપ્યું હતું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે અરુણાચલ પ્રદેશ, બિહાર, પૂર્વ રાજસ્થાન, પશ્ચિમ બંગાળના ગંગા ક્ષેત્ર, ગુજરાત, ઝારખંડ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, ઓડિશા, ઉત્તરાખંડ અને મધ્યપ્રદેશના કેટલાક સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, જમ્મુ અને કાશ્મીર, મહારાષ્ટ્ર, પંજાબ અને સિક્કિમમાં પણ આગામી બે થી ત્રણ દિવસમાં ભારે વરસાદ પડી શકે છે.

બીજી તરફ, બિહાર, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, મુઝફ્ફરાબાદ, ઝારખંડ, ઓડિશા, તેલંગાણા, પશ્ચિમ બંગાળ અને સિક્કિમ સહિત ઉત્તરપૂર્વ ભારતના કેટલાક સ્થળોએ ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે. હવામાન વિભાગે આજે પશ્ચિમ બંગાળના ગંગા ક્ષેત્ર, કોંકણ, ગોવા, ઓડિશા, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે પવન ફૂંકવાની આગાહી કરી છે.

# PALGHAR GAS LEAK

મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં તારાપુર-બોઈસર ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી મેડલે ફાર્મા કંપનીમાં નાઇટ્રોજન ગેસ લીકેજ થવાથી ચાર લોકોના મોત થયા છે અને બેની હાલત ગંભીર છે. આ ઘટના ગઈકાલે બપોરે મુંબઈથી 130 કિમી દૂર આવેલી દવા કંપનીમાં બની હતી. પાલઘર આપત્તિ વ્યવસ્થાપન સેલના વડા વિવેકાનંદ કદમે જણાવ્યું હતું કે કંપનીના એક યુનિટમાં ગેસ લીકેજથી ત્યાં કામ કરતા કર્મચારીઓ અસરગ્રસ્ત થયા હતા.

# U20 WRESTLING C'SHIPS

ભારતે ગઈકાલે બલ્ગેરિયામાં ચાલી રહેલી અંડર-20 વિશ્વ કુશ્તી ચેમ્પિયનશિપ-2025માં બે રજત ચંદ્રક જીત્યા. મહિલાઓની 55 કિલોગ્રામ કેટેગરીમાં રીનાએ જ્યારે પ્રિયા મલિક 76 કિલોગ્રામ કેટેગરીમાં રજત ચંદ્રક જીત્યો હતો.

આ દરમિયાન 2024 કેડેટ વિશ્વ ચેમ્પિયન અને વર્તમાન અંડર-20 એશિયન ચેમ્પિયન કાજલે 72 કિલોગ્રામ કેટેગરીની ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

ચેમ્પિયનશિપમાં ભારતના કુલ ચંદ્રકોની સંખ્યા 5 થઈ છે જેમાં એક સુવર્ણ અને ચાર રજત ચંદ્રકોનો સમાવેશ થાય છે. ગયા વર્ષે સ્પેનમાં યોજાયેલી વિશ્વ ચેમ્પિયનશિપમાં ભારતે એક સુવર્ણ, એક રજત અને પાંચ કાંસ્ય સહિત કુલ સાત ચંદ્રકો જીત્યા હતા. જ્યોતિ બેરવાલે મહિલાઓની 76 કિલોગ્રામ કેટેગરીમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

# RAILWAYS GANPATI SPECIAL

રેલવે તહેવારો નિમિત્તે શ્રદ્ધાળુઓ અને મુસાફરોની સુવિધા માટે 380 ગણપતિ વિશેષ પેસેન્જર ટ્રેનો ચલાવશે. વર્ષ 2023 માં આવી કુલ 305 ટ્રેનો ચલાવવામાં આવી હતી, પરંતુ ગયા વર્ષે તેમની સંખ્યા વધીને 358 થઈ ગઈ.

રેલવે મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર અને કોંકણ ક્ષેત્રમાં તહેવારો દરમિયાન મુસાફરોની માંગને પહોંચી વળવા મધ્ય રેલવે સૌથી વધુ 296 વિશેષ ટ્રેનો ચલાવશે. પશ્ચિમ રેલવે 56, કોંકણ રેલવે 6 અને દક્ષિણ પશ્ચિમ રેલવે 22 ગણપતિ વિશેષ ટ્રેનો ચલાવશે.

ગણપતિ પૂજા 27 ઓગસ્ટથી 6 સપ્ટેમ્બર સુધી ઉજવવામાં આવશે. તહેવારોમાં અપેક્ષિત ભીડને ધ્યાનમાં રાખીને 11 ઓગસ્ટથી ગણપતિ વિશેષ ટ્રેનો શરૂ થઈ અને તહેવાર નજીક આવતાં તેની સંખ્યામાં સતત વધારો કરવામાં આવશે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર

- સરકારની જીએસટી સ્લેબના ફેરફારના સમાચારને મુખ્ય અખબારોએ શીર્ષક બનાવ્યું છે
- સંદેશ લખે છે કે જીએસટી :5 અને 18 % ના સ્લેબની GOMની મંજૂરી
- ફૂલછાબ માં GSTમાં રહેશે 2 સ્લેબ : 5 અને 18% ને હેડલાઇન બનાવી છે જયારે દિવ્ય ભાસ્કરે 12 અને 28 % નો સ્લેબ દૂર કરવાના પ્રસ્તાવને રાજ્યોની મંજૂરીને બોક્સમાં સ્થાન આપ્યું છે.
- ગુજરાત સમચારે ભારતીય ટીમ ને પાકિસ્તાન સાથે રમવાની છૂટ ની ખબરને મુખ્ય પેજ પર મુખ્ય શીર્ષક બનાવ્યું છે
- અહેમદબાદ મીરરે ,સાઇબર ક્રાઇમ થકી ડૉક્ટરના 8 કરોડની ચુકવણી ના સાયબર  ફ્રોડ કિસ્સાને હેડલાઇન બનાવી છે
- સંદેશે , રશિયાનો યુક્રેન પર અત્યાર સુધીનો મોટો હુમલો 574 ડ્રોન -40 મિસાઇલ છોડીના સમાચાર ને પહેલા પેજ પર બોક્સમાં છાપ્યા છે જયારે સેવેન્થ ડે સ્કૂલમાં વિધાર્થીની હત્યાના ઉગ્ર પડઘો, પુર્વની 200 થી વધુ સ્કૂલોએ સજ્જડ બંધ પાળ્યાના સમાચારને છેલ્લા પાના પર છાપ્યા છે